## સંક્ષિપ્ત સમાચાર

### ઉકા તરસાડિયા યુનિવર્સિટીનાં રિસર્ચ સ્કોલર ડો.સપના ચંદવાણીને એવોર્ડ



બારડોલી: શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે અગ્રેસર ઉકા તારસાડિયા યુનિવર્સિટી (UTU)ના સી.જી. ભક્તા ઇન્સ્ટિટ્યૂટ ઓફ બાયોટેક્નોલોજીના ફાળે વધુ એક યશકલગી ઉમેરાઈ છે. યુનિવર્સિટીના રિસર્ચ સ્કોલર ડો.સપના ચંદવાણીને ગુજરાત સાયન્સ એકેડેમી (GSA) દ્વારા લાઇફ સાયન્સિસ ક્ષેત્રમાં વર્ષ 2025 માટેનો પ્રતિષ્ઠિત 'પ્રો. નિર્મલકુમાર જે. આઈ. પીએચ.ડી. થિસિસ સિટેશન એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો છે. તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે યોજાયેલી 37મા GSA એવોર્ડ્સ અને વાર્ષિક ગુજરાત સાયન્સ કોંગ્રેસ-2026ના ઉદઘાટન સમારોહમાં આ સન્માન આપવામાં આવ્યું હતું. ડો.સપનાએ ડો.એન. અમરેસનના માર્ગદર્શન હેઠળ માઇક્રોબાયોલોજી વિષય પર સંશોધન કર્યું હતું.

### અનાવલ હાઇસ્કૂલમાં વાલી મિટિંગ યોજાઇ



સલીમ દિવાન

ભોરિયા: અનાવલ સ્થિત શ્રી કે.એલ.પટેલ એન્ડ વી.એમ.સાર્વજનિક હાઈસ્કૂલના પ્રાર્થના હોલમાં તાજેતરમાં ધો.10ના વિદ્યાર્થીઓના વાલીઓ માટે માર્ગદર્શક વાલી મિટિંગ યોજાઈ હતી. મંડળના પ્રમુખ વિપુલભાઈ પટેલે શૈક્ષણિક ધ્યેયો અને ગુણવત્તાસભર શિક્ષણ માટેના પ્રયાસો વિશે માહિતી આપી હતી. આ પ્રસંગે આચાર્ય ભૂપેન્દ્રભાઈ ચૌધરીએ ધો.10માં આવતાં બેઝિક ગણિત અને સ્ટાન્ડર્ડ ગણિત વિષયની વિગતવાર સમજ આપી હતી. તો વાલીઓએ પણ પોતાના પ્રશ્નો રજૂ કરી સ્પષ્ટતા મેળવી હતી.

### માંગરોળ પંથકમાં વીજ દરોડા: 16 કનેક્શનમાં ગેરરીતિ, 1.48 લાખનો દંડ

વાંકલ: માંગરોળ તાલુકામાં બુધવારે સવારે જી.યુ.વી.એન.એલ. (GUVNL) દ્વારા વીજ ચોરી અટકાવવા માટે ખાસ ડ્રાઈવ યોજવામાં આવી હતી. આ ઝુંબેશ અંતર્ગત ઊર્જા વિભાગની ટીમોએ બોરસદ, દેગડિયા અને ધરમપુર ગામોમાં આકસ્મિક તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન કુલ 78 વીજ કનેક્શનનું સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું, જેમાંથી 16 કનેક્શનમાં ગેરરીતિ માલૂમ પડી હતી. નિયમોના ઉલ્લંઘન બદલ વિભાગ દ્વારા સંબંધિત ગ્રાહકોને કુલ રૂ.1,48,000નો દંડ ફટકારવામાં આવ્યો છે. ઊર્જા વિભાગની કડક કાર્યવાહીને પગલે સમગ્ર પંથકના વીજચોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

### સિલેટવેલ ખાતે મરઘીની દુકાનમાં દારૂનું વેચાણ, 13 હજારનો મુદ્દામાલ જપ્ત

સોનગઢ: ઉકાઈના સિલેટવેલ પાસે પોલીસે મરઘીની દુકાનમાં તપાસ કરી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. હેમંતભાઈ ગોપાલભાઈ ગામીત (ઉં.વ.35)ની દુકાનમાંથી ડી.એસ.પી. બ્લેક વ્હીસ્કીની 180 મી.લી.ની 96 કાચની બોટલ તથા દેશી દારૂ સુગંધી સંત્રાની 180 મી.લી.ની 48 પ્લાસ્ટિક બોટલો મળી આવી હતી. કુલ 144 બોટલ (25.920 લીટર) કિંમત અંદાજે રૂ.13 હજારનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ધી પાટીદાર જીન સાયન્સ કોલેજમાં સ્પોર્ટ્સ ડે




બારડોલી: ધી પાટીદાર જીન સાયન્સ કોલેજ-બારડોલી ખાતે સ્પોર્ટ્સ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ક્રિકેટ, વોલીબોલ, કબડ્ડી, ફૂટબોલ, બેડમિન્ટન અને રસ્સાખેંચ જેવી રમતો ઉપરાંત ૧૦૦, ૪૦૦, ૮૦૦ અને 3000 મીટર દોડની એથ્લેટિક્સની ઈવેન્ટનું સુંદર આયોજન કરાયું હતું. વિજેતા ખેલાડીઓનું સન્માન મેડલ આપી કરવામાં આવ્યું હતું. અતિથિ વિશેષ તરીકે ડો.વિક્રમ ચૌધરીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પોર્ટ્સ ડેનું સમગ્ર સંચાલન પ્રિન્સિપાલ ડો.ભાવિનભાઈ આર.નાયક અને ડો.મોહંમદ ધુપલીના માર્ગદર્શન હેઠળ જીમખાના સમિતિએ કર્યું હતું.

### અંકલેશ્વરમાં રૂ.21 હજારનો દારૂ મળ્યો

અંકલેશ્વર: અંકલેશ્વરના નવા દીવા ગામે કૈલાસ ટેકરી પાસે આવેલી નવી વસાહતમાં રહેતા વોન્ટેડ ગુમાન ઉર્ફે ગુલીયો કાલીદાભાઈ વસાવાના રહેણાક મકાનમાંથી દારૂ મળી આવ્યો હતો. પોલીસે પતરાની તિજોરીનાં ખાનાંમાંથી જુદી-જુદી બ્રાન્ડની સીલબંધ બોટલો મળી આવી હતી. તપાસ દરમિયાન 750 મીલીની કુલ 15 બોટલ તથા 375 મીલીની 2 બોટલ મળી આવી, જેની કુલ કિં.રૂ.21,700 થાય છે. આ પ્રકરણમાં આરોપી ગુમાન ઉર્ફે ગુલીયો કાલીદાસ વસાવા હાલ ફરાર હોવાનું જાણવા મળ્યું છે.

### મિરઝાપોર ગામમાં શ્રમિકનું મોત

સાયણ: ઓલપાડના મિરઝાપોર ગામે સાતડિયું ફળિયામાં દિનેશભાઈ કાનજીભાઈ પટેલ રહે છે અને સુરત નવી સિવિલમાં ડ્રાઇવરની નોકરી કરે છે. તેમણે ઓલપાડ પોલીસને જાણ કરી હતી કે, તેમના ગામના નવાપરા ફળિયામાં નાનપણથી જ રહેતો રમેશ જશવંતભાઈ વસાવા (ઉં.વ.૩૬)ને હું ઓળખું છું. તેને ગત તા.૨૭ જાન્યુઆરીના રોજ અચાનક તબિયત બગડતા ઓલપાડ સી.એચ.સી.માં પ્રાથમિક સારવાર અપાયા બાદ વધુ સારવાર માટે સુરત શહેરની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ચાલુ સારવાર દરમિયાન ગત સોમવારે ડોક્ટરે રમેશને ગત મૃત જાહેર કર્યો હતો.

# ઓલપાડના મૂળદમાં ગેરકાયદે ડ્રેનેજ લાઈન ઉખેડી નંખાઈ

**મુળદના** સરપંચ-તલાટીને કારણદર્શક નોટિસ આપી ખુલાસો મંગાયો હતો



કિરણ ઢોડિયા

કીમ: મુળદ ગામે વરસાદી પાણીના કુદરતી કાંસમાં નાંખવામાં આવેલી ગેરકાયદે પાઈપલાઈનનો મામલો ગરમાયો છે. બે દિવસ પહેલા આ પાઈપલાઈનમાંથી પ્રદૂષિત પાણી છોડાતાં આખો કાંસ દૂધિયા રંગનો થઈ ગયો હતો. જેનો અહેવાલ ગુજરાતમિત્રમાં પ્રકાશિત થયો હતો. આ બાબતનો વિડીયો એક જાગૃત નાગરિકે ઉતારી તાલુકા પંચાયત સભ્ય દીપેશ પટેલને મોકલતાં સમગ્ર ઘટના પ્રકાશમાં આવી હતી.

તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, મુળદથી સીમલથુ ગામ તરફ જતા રસ્તા પર નવનિર્મિત ઔદ્યોગિક એકમો દ્વારા આ પાઈપલાઈન નાંખવામાં આવી હતી. ઉદ્યોગપતિઓએ પંચાયતનો એક પત્ર રજૂ કર્યો હતો, જેમાં સ્પષ્ટ ઉલ્લેખ હતો કે 'સક્ષમ અધિકારીની મંજૂરી બાદ જ' લાઈન નાંખી શકાશે. આમ છતાં, મિલ માલિકોએ પંચાયતના પત્રને જ આખરી મંજૂરી માની ગેરકાયદે રીતે લાઈન નાંખી દીધી હતી.

આ બાબતે દીપેશ પટેલે ઓલપાડના ધારાસભ્ય મુકેશ પટેલ અને તાલુકા વિકાસ અધિકારીને લેખિત ફરિયાદ કરી હતી. TDOએ તાત્કાલિક મૂળદના સરપંચ અને તલાટીને 'કારણદર્શક નોટિસ' ફટકારી ખુલાસો માંગ્યો હતો. ધારાસભ્ય મુકેશ પટેલે પણ કડક સૂચના આપી આ લાઈન દૂર કરી રિપોર્ટ કરવા જણાવ્યું હતું. પરિણામે, બુધવારે તાલુકા પંચાયત સભ્ય દીપેશ પટેલ, સરપંચ વાસુદેવ પટેલ, તલાટી ગોપેશ નાકરાણી અને ડ્રેનેજ વિભાગના અધિકારીઓની ઉપસ્થિતિમાં આ ગેરકાયદે લાઈન હટાવવાની કામગીરી શરૂ કરાઈ હતી. વિશેષ વાત એ છે કે, જે ઉદ્યોગપતિઓએ સ્વખર્ચે આ લાઈન નાંખી હતી, તેમના જ ખર્ચે તે ઉખેડી નાંખવામાં આવી રહી છે. દીપેશ પટેલે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, તેઓ વિકાસના વિરોધી નથી, પરંતુ પર્યાવરણના ભોગે થતો વિકાસ ક્યારેય મંજૂર નથી.

# વ્યારામાં લાંબા અંતરની એક્સપ્રેસ ટ્રેનોના સ્ટોપેજનો અભાવ

**11 ટ્રેનનાં** સ્ટોપેજ માટે રેલવે સલાહકાર સમિતિના સભ્ય દ્વારા રેલવે ડિવિઝનને લેખિત રજૂઆત

વ્યારા: વ્યારા રેલવે સ્ટેશન પર મોટા ભાગની એક્સપ્રેસ ટ્રેનોનું સ્ટોપેજ ન મળતાં જિલ્લામાં વસતા પરપ્રાંતના લોકો તેમજ જિલ્લાની પ્રજાને લાંબા અંતરની ટ્રેન મુસાફરી માટે વર્ષોથી હાલાકી ભોગવવી પડી રહી છે. વિવિધ એક્સપ્રેસ ટ્રેનનાં સ્ટોપેજ માટે વારંવાર માંગણી કરવામાં આવે છે. છતાં પણ વ્યારા રેલવે સ્ટેશન પર લાંબા અંતરની એક્સપ્રેસ અને સુપરફાસ્ટ ટ્રેનોનું સ્ટોપેજ આપવામાં આવતું નથી. જેને કારણે મુસાફરોને છેક સુરત તેમજ મહારાષ્ટ્રના નંદુરબાર સુધી લંબાવવું પડે છે. જેને કારણે મુસાફરોને પોતાનો કિમતી સમય ગુમાવવા સહિત આર્થિક નુકસાન વેઠવું પડે છે. જેના કારણે મોટા ભાગના મુસાફરો રેલવેમાં મુસાફરી કરવાનું ટાળે છે.

વ્યારા રેલવે સ્ટેશન જિલ્લાનાં મુખ્ય મથકે આવેલું હોવા છતાં રેલવે સ્ટેશન પર પાયાની સુવિધાઓ ઊભી કરવામાં તંત્ર વામણું પુરવાર થયું છે. તેમજ વ્યારા રેલવે સ્ટેશન પર ATMની સુવિધા પણ આજદિન સુધી ઉપલબ્ધ કરવામાં આવી નથી. ત્યારે મુસાફરોને મુશ્કેલી પડે છે. વ્યારા રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ પર સેડની સુવિધા અને કોચ ઇન્ડિકેટર સહિત સીંગી તરફથી વ્યારા શહેરમાં આવવા માટે રેલવે સ્ટેશન પર ફૂટબ્રિજ તેમજ ઓવરબ્રિજ બનાવવાની માંગ કરવામાં આવી છે. તેમજ સિનિયર સિટિઝન મુસાફરોને રેલવે ટિકિટના દરમાં રાહત આપવાની પણ માંગ રેલવે સલાહકાર સમિતિનાં સભ્ય વિનોદ મિશ્રા દ્વારા કરવામાં આવી છે.

## વાવના જ્વેલર્સ પાસેથી ખરીદેલા દાગીના સામે આપેલો ચેક રિટર્ન થતાં સજા

**આરોપી** રૂપિયા 2.65 લાખ ન ચૂકવે તો વધુ છ માસની સજા: કઠોર કોર્ટ


કામરેજ: વાવ ગામના જ્વેલર્સ પાસે ખરીદેલા ચેઈન, પેન્ડલ સેટ, બુટ્ટી અને કાન શેરના દાગીના સામે આપેલો ચેક રિર્ટન કેસમાં આરોપીને એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કઠોર કોર્ટના જજે કર્યો હતો.

કામરેજના વાવ ગામે દેસાઈ ફળિયામાં ગીરીશભાઈ રતીભાઈ શાહ જેઓ સ્વપ્નીલ જ્વેલર્સના નામની સોના-ચાંદીના દાગીનાનો ધંધો કરે છે. દુકાન પર આવતા ગ્રાહક રમીલાબેન ભકતની સાથે આવતા અમીતકુમાર કાંતીભાઈ પરમાર (રહે., એરથાણ,તા.પલસાણા) ની સાથે પણ ઓળખાણ થતાં ગત તા.20-5-2020 ના રોજ દુકાનમાંથી સોનાની ચેઈન, પેન્ડલ સેટ, બુટ્ટી અને કાન શેર મળી કુલ 54.94 ગ્રામના રૂ. 2,65,000 ના દાગીનાની ખરીદી કરી હતી. જે ખરીદી સામે યુકો બેંક બારડોલી શાખાનો ચેક આપ્યો હતો.

જે ચેક રિર્ટન થતાં અમીત પરમારને જાણ કરવામાં આવતા ઉદ્ધાતાઈભર્યું વર્તન કરી રૂપિયા આપવાની ના પાડતાં વકીલ જીગનેશ ટેલર દ્વારા નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 મુજબ અમીત પરમારને નોટીસ મોકલવામાં આવી હતી. કઠોર કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

જે કેસ કઠોરના એડિ.ચીફ જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ પ્રખર શર્માની કોર્ટમાં ચાલી જતાં વકીલ જીગનેશ ટેલર દ્વારા ધારદાર રજૂઆતો કરવામાં આવતા આરોપી અમીતકુમાર કાંતીભાઈ પરમારને તકસીરવાન ઠેરવી એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો હતો અને જો આરોપી ફરિયાદ ગીરીશ શાહને વળતર પેટે રૂ.2,65,000 ન ચૂકવે તો આરોપી અમીત પરમારને વધુ છ માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો હતો.

## ભીંતખુર્દ ગામે રસ્તાના અધૂરા કામે ખેતીનો પાક ધૂળધાણી કર્યો



**6 કિ.મી.ના** પટ્ટામાં માત્ર કપચી નાંખી કોન્ટ્રાક્ટર ગાયબ

વ્યારા : ઉચ્છલ તાલુકામાં ભીંતખુર્દ ગામે રસ્તાની કામગીરી ટુકડે ટુકડે અને ખૂબ જ ધીમી ગતિએ ચાલતા સ્થાનિક સહિત રસ્તા પરથી કાયમી અવરજવર કરતાં વાહનચાલકો તોબા પોકારી ઊઠ્યા છે. રસ્તા પર ઊડતી ધૂળને કારણે વાહનચાલકોના આરોગ્ય સહિત રસ્તાની આસપાસના ખેતરમાં ઊભા પાકને પણ નુકસાન થઈ રહ્યું છે. રસ્તા પર ઊડતી ધૂળને કારણે લોકોને વાહન ચલાવવામાં પણ મુશ્કેલી પડી રહી છે. અને દિવસે પણ વાહનની હેડ લાઈટ ચાલુ રાખીને વાહન ચલાવવું પડી રહ્યું છે.

અંદાજિત 6 કિમી સુધીનાં આ રસ્તાનું કામ છેલ્લા એક દોઢ મહિનાથી ચાલી રહ્યું છે. જો કે, રસ્તાનું કામ ગોકળગાયની ગતિએ ચાલતા કોન્ટ્રાક્ટરની કામગીરી સામે પ્રશ્નાર્થ ચિહ્ન ઊભો થયો છે. કારણ કે ભીતખુર્દ ફાટાથી ભીતખુર્દ સુધીના રસ્તા પર છેલ્લા એક મહિનાથી કોન્ટ્રાક્ટર દ્વારા માત્ર કપચી નાંખી મૂકી છે, જ્યાં હજુ સુધી ધૂળ ઊડ્યા કરે છે. જેના કારણે રસ્તાની આજુબાજુ ખેતીના પાકને નુકસાન થઈ રહ્યું છે તેમજ વાહનચાલકો પરેશાની ભોગવી રહ્યા છે. રસ્તાની કામગીરી ખોરંભે જતાં એમ્બ્યુલન્સ સહિતના ઈમરજન્સી વાહનો સમયસર હોસ્પિટલ પહોંચી શકતા નથી. આ રસ્તા ઉપરથી ભીતબુદ્રક, હરિપુર, વડપાતળ, રાવજીબુંદા, ભીતખુર્દ સહિતના ગામના લોકો તેમજ તાપી નદીમાં માછીમારી માટે જતાં માસીમારો અવરજવર કરતા હોય છે. ત્યારે રસ્તાની કામગીરી વહેલી તકે પૂર્ણ કરવામાં આવે તેવી લોકમાંગ ઊઠી છે.

### હરિપુરા ગામમાં યુવાનનો મોબાઈલ છીનવાયો

પલસાણા: મૂળ ઉત્તર પ્રદેશ અને હાલ સુરતના ડિંડોલી વિસ્તારમાં રહેતા ૨૯ વર્ષીય અંગદસિંહ રાજપૂત ગત તારીખ ૨૯ જાન્યુઆરીએ રાત્રિના સમયે હરિપુરા ગામ પાસે આવેલી વિધાતા ઈન્ડસ્ટ્રિઝથી હરિપુરા ત્રણ રસ્તા તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન તેઓ પોતાના મોબાઈલ પર વાત કરી રહ્યા હતા, ત્યારે અચાનક એક અજાણ્યો શખ્સ હાથમાંથી મોબાઈલ ફોન આંચકીને અંધારાનો લાભ ઉઠાવી ભાગી ગયો હતો.

### ઈટાળવામાં બાઈક અડફેટે આવતાં મહિલાનું મોત

પલસાણા: સુરત જિલ્લાના પલસાણા તાલુકાના ઈટાળવા ગામની સીમમાં નેશનલ હાઈવે નં. 53 પર રવિવારની સાંજે પુરઝડપે જઈ રહેલા મોટરસાઈકલ ચાલકે કામ પરથી પરત ફરી રહેલી 26 વર્ષીય મહિલાને જોરદાર ટક્કર મારી હતી. ગંભીર રીતે ઘવાયેલી મહિલાનું મંગળવારે સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. મૂળ ઝારખંડના અને હાલ ઈટાળવા ગામની સૂર્યાંસી સોસાયટીમાં રહેતા વિકુકુમાર ગીરીશ પાંડેના પત્ની પ્રીતિદેવી (ઉ.વ.26) ગયા રવિવારે સાંજે અંદાજે 7:40 વાગ્યે પલસાણાની અનુભા મિલમાં મજૂરી કામ પતાવીને ચાલીને ઘરે પરત ફરી રહી હતી. ત્યારે કાઠિયાવાડી હોટલ પાસે ધુલિયાથી હજીરા તરફ જતાં સર્વિસ રોડ પર એક GJ-05-SZ-8617 નંબરના મોટરસાઈકલ ચાલકે તેમને ટક્કર મારી હતી.

## માંડવીમાં 16 વર્ષીય તરુણીને સગર્ભા બનાવનાર નરાધમ વિરુદ્ધ ગુનો નોંધાયો

**બે દિવસ** પૂર્વે તરુણીને પેટમાં દુખાવાની તકલીફ થતાં હોસ્પિટલ ખસેડાઈ હતી

માંડવી: માંડવીમાં 16 વર્ષની તરુણીને ગર્ભવતી બનાવવાના આક્ષેપ સાથે 28 વર્ષીય યુવક વિરુદ્ધ પોક્સો અધિનિયમ હેઠળ ગુનો નોંધાયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ માંડવી નગરમાં નિલેશ કાંતુભાઈ રાઠોડ (ઉં.વ.28) એકલો રહે છે. તેનો બે સંતાનની માતા એવી એક મહિલા સાથે પરિચય હતો અને તે મહિલાના ઘરે અવરજવર કરતો હતો. દરમિયાન નજીકમાં રહેતી 16 વર્ષની તરુણી સાથે ઓળખાણ વધતાં છેલ્લા એક વર્ષથી સંબંધ હોવાની માહિતી સામે આવી છે. બે દિવસ પૂર્વે તરુણીને પેટમાં દુખાવાની તકલીફ થતાં તેને સારવાર માટે સુરત નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જ્યાં તબીબ દ્વારા તપાસ દરમિયાન તરુણી પાંચ માસની ગર્ભવતી હોવાનું નિદાન કરવામાં આવ્યું હતું. આ બનાવ અંગે હોસ્પિટલ તંત્ર દ્વારા માંડવી પોલીસને જાણ કરવામાં આવી હતી.

પોલીસે પ્રાથમિક તપાસ બાદ આરોપી નિલેશ રાઠોડ વિરુદ્ધ પોક્સો અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સાથે જ પિતૃત્વની પુષ્ટિ માટે ડીએનએ ટેસ્ટ કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી હતી.

## કીમની સાઈ સ્વામી રેસિડેન્સીમાંથી કારની ચોરી

કીમ: કીમની સાઈ સ્વામી રેસિડેન્સીમાંથી કારની ચોરી થઈ હતી. ઓલપાડના કીમની સાઈ સ્વામી રેસિડેન્સીના પાર્કિંગમાંથી સ્કોર્પિયો S-11 કારની ચોરી થઈ હતી. ગત 8 ફેબ્રુઆરીની રાત્રે અજાણ્યા તસ્કરોએ મોતીલાલ શર્મા (ઉં.વ.36)ની RJ-07-UB-9096 નંબરની કાર (કિં.રૂ.15.98 લાખ) અને અંદર રાખેલ ઓરિજિનલ RC બુકની ચોરી કરી હતી. સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યાં છે. આ અંગે કીમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતાં PSI ડી.ઝેડ. રાઠવાએ વધુ તપાસ હાથ ધરી છે.


**આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**

IDFC FIRST Bank

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઇડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)-

CIN : L65110TN2014PLC097792

રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ - 600031.

ટેલિફોન: +91 44 4564 4000 - ફેક્સ: +91 44 4564 4022

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ-2002ની કલમ 13 (2) હેઠળ નોટિસ

નીચેના ઋણધારકો અને સહ-ઋણ લેનારાઓએ આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઇડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) પાસેથી નીચે જણાવેલ સુરક્ષિત લોનનો લાભ લીધો છે અને તેમની સંબંધિત મિલકતોના મોર્ગેજ દ્વારા સુરક્ષિત કરવામાં આવી છે. તેઓ સંબંધિત લોન કરારોના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હોવાથી અને અનિયમિત થઈ ગયા હોવાથી તેમની લોનને RBIની માર્ગદર્શિકા અનુસાર NPA તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી. આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઇડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને તેમના દ્વારા બાકી રકમનો ઉલ્લેખ સંબંધિત નોટિસો અનુસાર કરવામાં આવ્યો છે, જેનો ખાસ કરીને નીચેના કોષ્ટકમાં વર્ણન કરવામાં આવ્યું છે અને ઉક્ત રકમો પર વધુ વ્યાજ પણ લાગુ થશે અને તેમની પાસેથી તેના પર સંબંધિત તારીખોથી પ્રભાવિત કરારના દર મુજબ વસૂલવામાં આવશે.

| અ. નં. | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | ઉધાર લેનારાઓ અને સહ-ઉધાર લેનારાઓના નામ | કલમ 13 (2) નોટિસ તારીખ | કલમ 13 (2) નોટિસ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|---|
| 1 | 115998741 | હોમ લોન | ૧. વસાવા સંજયકુમાર ૨. વસાવા વર્ષાબેન | 17.01.2026 | INR 5,02,761.48/- |

મિલકતનું સરનામું: તમામ ભાગ અને પાર્સલ ગ્રામ પંચાયત ઘર નંબર ૫૨૪/૧, ક્ષેત્રફળ: ૨૨x૪૦, મોજે: માંગરોળ, સબ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ: નાંદોદ અને રજીસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ: નર્મદા, ગુજરાત, જેની ચતુર્દિશા નીચે મુજબ છે: ઉત્તર: જાહેર રોડ, દક્ષિણ: વાડો, પૂર્વ: મોહનસિંહ ચંદ્રસિંહ દરબારનું મકાન, પશ્ચિમ: ડાયાભાઈ પટેલનું મકાન.

આથી તમને ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ વિગતો મુજબ,આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઇડીએફસીબેંક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને બાકી રકમની ચુકવણી તેમની સંબંધિત તારીખોથી વ્યાજના કરાર દર સાથે અને અન્ય ખર્ચ, શુલ્ક વગેરે આ પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર કરવા આહ્વાન કરવામાં આવે છે. આમ કરવામાં જો નિષ્ફળ જાય તો નીચે હસ્તાક્ષર કરનારને ગીરો મૂકેલી મિલકતો સામે SARFAESI એક્ટની કલમ 13 (4) અને કલમ 14 હેઠળ આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઇડીએફસી બેંક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ની લેણી રકમ વસૂલવા માટે ઉપર ઉલ્લેખિત સંપત્તિઓ વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરવા માટે બાધ્ય કરવામાં આવશે.

વધુમાં તમને ઉપરોક્ત અધિનિયમની કલમ 13 (13) હેઠળ વેચાણ/લીઝ દ્વારા અથવા અન્ય રીતે ઉપરોક્ત સુરક્ષિત અસ્કયામતોને સ્થળાંતરિત કરવા માટે પ્રતિબંધિત કરવામાં આવે છે.

એસડી/- અધિકૃત અધિકારી
આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઇડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)

તારીખ: 12.02.2026
સ્થળ: નર્મદા, ગુજરાત



**વેચાણ અંગેની જાહેર નોટીસ**

ડીસ્ટ્રીકટ સુરત સબ ડિસ્ટ્રકટ માંગરોલના મોજે ગામ લીમોદરાના સર્વે નં. ૧૨૮/૧, જુનો સરવે/બ્લોક નં. ૧૪૨, નવો સરવે/બ્લોક નં. ૧૫૩, ખાતા નં. ૩૮૬, જેનુ ક્ષેત્રફળ હે.આરે. ૧-૨૮-૪૫ ચો.મી. વાળી જુની શરતની ખેતી લાયક ઉપયોગ વાળી ખેતીની જમીન મિલકત (૧) કિશોરભાઈ જીવણભાઈ પટેલ (૨) જયંતિભાઈ જીવણભાઈ પટેલ નાંઓની માલીકી ની તથા પ્રત્યક્ષ, કબજા ભોગવટાની, વહીંવટ, વ્યવસ્થા હેઠળની હોવાનું જણાવી અમારા અસીલને કુલ જમીન પૈકી પશ્ચિમ દિશા તરફનો ૫૦ % હીસ્સો યાને ક્ષેત્રફળ હે.આરે. ૦-૬૪-૨૨.૫ ચો.મી. જમીન વેચાણ આપવા માંગે છે. તેથી મજકુર ખેતીની જમીન મિલકતમાં કોઈના કોઈપણ પ્રકારના લાગ ભાગ, દર-દાવા, હક્ક, હિસ્સા હિત, સંબંધ, અધિકાર, ખાધા ખોરાકી યા લીયનનાં હક્કો યા બેંક, મંડળી, સંસ્થા, રાજ્ય સરકારનાં કોઈપણ ખાતા વિગેરેનાં બોજા, ચાર્જ, લેણું હોય કે કોઈ સોદા, સાટા કે લખાણો હોય તો તેમણે આધારભુત લેખીત પુરાવા સહીત આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૦૭ માં લેખિત પુરાવા સહિત અમોને લેખિતમાં જાણ કરવી. જો મજકુર મુદતમાં તેવા કોઈ હક્ક દાવા કે વાંધા રજુ થશે નહીં તો મજકુર મિલકતમાં કોઈનાં કોઈપણ પ્રકારનાં હક્ક-હિત, કે વાંધા નથી. અને હોય તો તે જતા કર્યા છે. યાને "વેઈવ" કરેલા છે તેમ ગણી મુદત વીત્યે અમારા અસીલ તેઓના લાભમાં ઉપરોક્ત માલિક પાસેથી મજકુર મિલકતનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહિ, જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

મારી મારફતે **મઝરૂલહક્ક એમ. શેખ** તે ખરીદનારનાં એડવોકેટ
સી-૧, સંજર શોપિંગ, પાલોદ, તા. માંગરોળ, જી. સુરત. મો.નં.૯૯૯૮૭ ૦૪૪૭૧


### કડોદરામાં ડ્રગ્સના ગુનામાં ફરાર આરોપીઓ ઝડપાયા

પલસાણા: સુરત એસઓજી દ્વારા કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા નાર્કોટિક્સના ગુનામાં ફરાર આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે. પોલીસે અજય ઉર્ફે મલ્લુ હરીનંદન ચૌધરી અને વિનિત ઉર્ફે લમ્બુ મિથિલેશ દ્વિવેદીની ધરપકડ કરી છે. પકડાયેલા આરોપીઓ પૈકી અજય ઉર્ફે મલ્લુ અગાઉ પણ ડ્રગ્સના ગુનામાં સંડોવાયેલો હોવાનું સામે આવ્યું છે.

### ભુરીવેલ ગામે રૂ.૩.૯૪ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

સોનગઢ: તાપી એલસીબીએ ઉકાઈના ભુરીવેલ ગામે દરોડો પાડી એક ઘરમાંથી દારૂ ઝડપી પાડ્યો હતો. ભુરીવેલના પોસ્ટ ફળિયામાં રેડ કરતાં સ્થળ પરથી જયેશ વિનોદ ગામીતની ધરપકડ કરાઈ હતી. તપાસ દરમિયાન મકાનમાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલ મળી હતી. પોલીસે ૩,૮૯,૩૩૧નો દારૂ અને મોબાઈલ સહિત કુલ ૩,૯૪,૩૩૧નો મુદ્દામાલ કબજે કર્યો છે. પૂછપરછમાં સામે આવ્યું છે કે આ જથ્થો આરોપીના ભાઈ અજય ગામીતે રાખ્યો હતો. આ ગુનામાં સંડોવાયેલા અન્ય ત્રણ આરોપી અજય ગામીત, મયૂર ઉર્ફે મોનુ રાઠોડ અને સેલવાસનો રોશન ઠાકુર હાલ ફરાર છે.


Milano MULTIPLEX
બારડોલી

Lagan Laagii Re-Gujarati
06:00pm,9.30pm

Mardaani 3
10:30am, 12:00pm, 03:00pm,07:00pm, 10:00pm

Border 2
01:00pm, 05:30pm, 09:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333